નગરપાલિકાઓના કાયમી, હંગામી કે રોજમદાર કર્મચારીઓને ચુકવણુ ચેક થી કરવા અંગે

ગુજરાત રાજય
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ- નપન-૧૧૦૬-૫૫૧૯-આર
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૧-૧૧-૨૦૦૬

**પરિપત્રઃ-**

રાજયની નગરપાલિકાઓ દવારા થતા નાણાકિય વ્યવહારો વધુ સુદ્રઢ બને અને નગરપાલિકાના નાણાની ઉચાપત નિવારી શકાય તેમજ નાણાંકીય વ્યવહારોમાં રહેલા જોખમની ગંભીરતાને ધ્યાનમાં લેવી જરૂરી છે. નગરપાલિકાના નાણાની સલામતીની દ્રષ્ટીએ શક્ય હોય તેટલી હદે નાણાની રોકડમાં લેવડ દેવડમાં પારદર્શકતા આવે તે જોવાનું જરૂરી છે. નગરપાલિકાઓ દવારા તેના વિવિધ પ્રકારના કર્મચારીઓના પગાર ભથ્થાની ચુકવણી હાલમાં રોકડમાં કરવામાં આવે છે. નગરપાલિકાના રોજમદાર કર્મચારીઓની બાબતમાં મસ્ટરમાં ખોટી હાજરી પુરી નાણાંકીય ગેરરીતીઓ આચરાતી હોવાની રજુઆતો / ફરિયાદો પણ અવાર-નવાર સરકારને મળે છે. આ સંદર્ભમાં કાળજી પુર્વકની વિચારણાને અંતે નગરપાલિકાના નાણા એ પણ પ્રજા ના નાણા હોઈ તેના વ્યવહારો સુદ્રઢ બને અને તેમાં પારદર્શકતા આવે તે માટે તમામ નગરપાલિકાના રોજમદાર સહિત ના કર્મચારીઓના પગાર ભથ્થા સહિતના તમામ ચૂકવણા ચેક થી બેન્ક મારફતે થાય તે જોવું અનિવાર્ય બની ગયેલ છે. રાજય સરકારે પણ તેના કર્મચારીઓ માટે બેન્ક મારફતે ચેક દવારા નાણાંકીય ચુકવણીઓ કરવાના આદેશ કરેલ છે.

નગરપાલિકા વિસ્તારમાં આવેલી કોઈ પણ રાષ્ટ્રીય કૃત / જાહેર ક્ષેત્રની બેન્કમાં નગરપાલિકાના કર્મચારીઓ ઈચ્છે તે બેન્કમાં તેના ખાતામાં તેમને ચુકવવા પાત્ર થતી તેમના પગારની કે અન્ય રકમ નગરપાલિકાઓએ જમા કરાવવાની વ્યવસ્થા ગોઠવવા તથા કર્મચારીઓને તેમના પગાર ભથ્થાની ચુકવણી સમયસર થાય, પગારની રકમ સમયસર જે તે કર્મચારીના

બેન્ક ખાતામાં જમા થાય અને તેમને કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તે અંગે પુરતી કાળજી લેવાનું પણ નગરપાલિકાઓને આથી જણાવવામાં આવે છે.

નગરપાલિકા નિયામકશ્રીને નગરપાલિકાઓ દવારા આ બાબતમાં આ સુચનાઓ મુજબની કાર્યવાહી થાય તે જોવાનું પણ આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સી. એમ. ગોહિલ)
સંયુક્ત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

પ્રતિ,

- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સર્વે કલેકટરશ્રીઓ
- પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, રાજકોટ
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર
- સર્વે નગરપાલિકાઓ
- એ.જી.શ્રી ઓડીટ-૧, અમદાવાદ
- એ.જી.શ્રી (એકા. એન્ડ એસ્ટા.) અમદાવાદ / રાજકોટ
- સર્વ તિજોરી અધિકારીશ્રી
- પ્રમુખશ્રી ગુજરાત નગરપાલિકા પરિષદ, ગાંધીનગર
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- વિભાગની સર્વે શાખાઓ
- શાખા પસંદગી ફાઈલ
- મદદનીશ પસંદગી ફાઈલ

**નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓના નામાભિધાન અંગે**

ગુજરાત રાજય
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
ઠરાવ ક્રમાંક:- નપન-૧૧૦૬-૫૫૧૯-આર
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૧-૧૧-૨૦૦૬

ઠરાવ:-

રાજયની શહેરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓનો સમાવેશ થાય છે. આ નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓના નામાભિધાનમાં એકરૂપતા કે એકસુત્રતા જોવા મળતી નથી. આથી પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી દ્વારા આ તમામ શહેરી સ્થાનિક સંસ્થાઓમાં નગરપાલિકાઓ માટે " **નગર સેવા સદન** " અને મહાનગરપાલિકાઓ માટે " **મહાનગર સેવા સદન**" નામાભિધાન રાખવા તથા તે મુજબ નગરપાલિકા/મહાનગરપાલિકા નું નામાભિધાન રાખી, નગરપાલિકા/મહાનગરપાલિકાના વિવિધ વ્યવહારો/પત્ર વ્યવહારો પત્ર વ્યવહારના સરનામામાં, લેટર પેડ વગેરે માં તથા કચેરીના મકાન ઉપર બોર્ડમા પણ આ નામાભિધાન મુજબ જ નામનો ઉલ્લેખ થાય તે જોવાનું તમામ નગરપાલિકા/મહાનગરપાલિકાઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સી. એમ. ગોહિલ)
સંયુક્ત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

પ્રતિ,

- ગુજરાતના નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- અંગત સચિવશ્રી, વિરોધપક્ષના નેતા ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- બધાજ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- સર્વે વિભાગ સચિવાલય, ગાંધીનગર
- સર્વે અધિકારી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ હસ્તકના ખાતાના વડાઓ
- પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર
- મુખ્ય અધિકારીશ્રીઓ, સર્વે નગરપાલિકાઓ
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, તમામ મહાનગરપાલિકા
- એ.જી.શ્રી ઓડીટ-૧, અમદાવાદ
- એ.જી.શ્રી (એકા. એન્ડ એસ્ટા.) અમદાવાદ / રાજકોટ
- સર્વ તિજોરી અધિકારીશ્રી
- પ્રમુખશ્રી ગુજરાત નગરપાલિકા પરિષદ, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- વિભાગની બજેટ શાખા
- વિભાગની સર્વે શાખા
- શાખા પસંદગી ફાઈલ
- મદદનીશ પસંદગી ફાઈલ